# સાહિત્ય અને સર્જકત્વ

ધીરુ પરીખ

સાહિત્ય શબ્દ સાથે સાહિત્યસર્જક શબ્દ સંકળાયેલો છે. તમે કોઈ પણ સાહિત્યકૃતિનો વિચાર કરશો કે તરત જ તેની સાથે સંકળાયેલ સર્જકનું સ્વાભાવિક સ્મરણ થશે. સર્જક વગર સર્જન કેવી રીતે હોઈ શકે ? આ વિશ્વ કે વિશ્વો સાથે પણ તેના કોઈ સર્જકની કલ્પના સંકળાયેલી છે. એ સર્જક એના સર્જનમાં એના વિરાટ સ્વરૂપની કલ્પનાને કારણે દૃષ્ટિગોચર ના થતો હોય તોપણ તેના કર્તૃત્વનો સ્વીકાર લગભગ સર્વત્ર થયેલો છે.

આ રીતે વિશ્વભરના સાહિત્યમાં તેના લેખક કે લેખિકાનો જીવનસંસ્પર્શ કે જીવનસંદર્ભ સંકળાયેલો હોય છે. આથી સાહિત્ય એ એક સાતત્યપૂર્ણ જીવનપરિબળ છે. સર્જક ક્યારેક ભલે પોતાના અંગત વિચાર કે અનુભવને ના ગૂંથતો હોય તોપણ તે જીવનનો પરિહાર તો કરતો જ નથી. એ ભલે માનવજીવનનાં તથ્યો કે સત્યોને ઊડળમાં લેતો હોય ત્યારે પણ તે સર્જકત્વથી દૂર હટતો નથી. આ વાતનો સ્વીકાર થયે સમજાશે કે સર્જકની સૃષ્ટિમાં એની શ્રદ્ધા-માન્યતાઓને કલાસ્વરૂપ આપવાની ક્ષમતાનું તેનું કેટલું ગજું છે.

આને કારણે સાહિત્યકલાનાં બે રૂપ આપણી સમક્ષ આવ્યાં છે. આત્મલક્ષી અને પરલક્ષી. ગ્રીક સાહિત્યમાં આ પરલક્ષી સાહિત્યપ્રકારનો પ્રારંભ થયેલો મનાય છે. પૅટર (Pater) નામના સમીક્ષક પોતાની શૈલી પરના નિબંધમાં કહે છે :

'Truth - There can be no merit, no craft all without that. And further all Beauty is in the run only fineness of truth, and what we call expression the finer accomodation of truth to that vision within.'

(સત્ય - એનો કોઈ ગુણ ના હોઈ શકે, એના વગર કોઈ પણ કળા ના હોઈ શકે. અને વળી, સકળ સૌંદર્ય સત્યની સુંદરતામાં રહેલું છે, અને જેને આપણે અભિવ્યક્તિ કહીએ છીએ તે આપણી અંદરના દર્શનને સારી રીતે સમાવનારું સત્ય છે.)

કવિ વર્ડ્ઝવર્થ પણ લગભગ આવો જ અભિપ્રાય ધરાવે છે :

'All good poetry is the spontaneous overflow of powerful feeelings... by a man... who has also thought long and deeply... Our thoughts are the representative of all our past feelings.'

(સર્વ સારી કવિતા ઉત્કટ ઊર્મિઓની સશક્ત અભિવ્યક્તિ છે, કે જે માણસે લાંબો કાળ ઊંડાણથી વાગોળી હોય. આપણા વિચારો આપણી ભૂતકાલીન લાગણીઓના

પ્રતિનિધિઓ છે.)

જર્મન કવિ ગટે પણ આત્મલક્ષિતાના પક્ષપાતી હતા. તેમણે જણાવ્યું છે કે –

'The style of a writer is a true impression of his inner life : if any one would write a clear style let him first have clearness in his soul and if one would write a great style let him see to it that he has a great character.'

(સર્જકની શૈલી તેના આંતરજીવનની સાચી છાપ છે. જો કોઈ પણ વ્યક્તિ સ્પષ્ટ શૈલીથી લખે તો પ્રથમ તો તેના અંતરમાં સ્પષ્ટતા હોવી જોઈએ, અને જો કોઈ મહાન શૈલીમાં લખે તો તેને ખયાલ આવવા દો કે તે એક મહાન વ્યક્તિ છે.)

આમ, સર્જકનું વ્યક્તિગત શીલ પોતાના વાચકો સમક્ષ પોતાનું દર્શન કે પછી પોતાને અભિપ્રેત એવો અર્થ પ્રકટ કરે છે. આ રીતે જોવા જઈએ તો કોઈ પણ સર્જકનું સર્જન એના શીલપ્રભાવથી મુક્ત ના રહી શકે. મૅથ્યૂ આર્નલ્ડે એમના એક જોબર્ટ (Joubert) નામના નિબંધમાં આ જ વાત કરી છે :

'...What is really precious and inspiring in all that we get from literature, except sense of an immediate contact with genius itself ? Objects could never be described except for the purpose of describing the feelings which they arouse in us, language ought to represent at the same moment the thing and the author, the subject and the thought.'

(આપણે સાહિત્યમાંથી જે કંઈ પામીએ છીએ, એક અર્થ સિવાય, તેમાં પ્રતિભા સાથેના તત્કાલીન સીધા સંપર્ક જેવું ખરેખર કીમતી અને પ્રેરણાત્મક બીજું શું છે ? આપણામાં ઊર્મિ જાગ્રત કરવા સિવાયના હેતુ માટે કોઈ વસ્તુનું વર્ણન કેવળ વર્ણન ખાતર કરી શકાતું નથી, કારણ કે એક જ સમયે સર્જકને એનો વિષય અને વિચાર રજૂ થવા જોઈએ.)

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે કેટલાક સર્જકો આત્મલક્ષી ઉદ્ગારો પર જ ભાર મૂકે છે. જે લાગણી કે અનુભવ સર્જકે જાતે નથી અનુભવ્યાં તેમાં એક પ્રકારની સચ્ચાઈ આવતી નથી.

તો બીજી તરફથી એવા સર્જકો પણ છે કે જેઓ પરલક્ષી સાહિત્ય-સર્જનની જિકર કરે છે. ગુસ્તાવ ફ્લૉબર્ટ (Gustav Flaubert) આનો મુખ્ય હિમાયતી છે. એ લખે છે :

'There are two kinds of poets. The greatest, the rare ones, the true masters, sum up humanity : they are not preoccupied with themselves or their own passions, they put their own personality

into the background in order to absorb themselves in the presonalities of others.'

(કવિઓ બે પ્રકારના હોય છે. શ્રેષ્ઠ, ઓછી સંખ્યાના, સાચા મહાન સર્જકો માનવતાની વાતને વણી લે છે : તેઓ પોતાનામાં જ કે પોતાના જ આવેગોમાં બદ્ધ બની રહેતા નથી. તેઓ પોતાના અંગત વ્યક્તિત્વને હાંસિયામાં હડસેલી દે છે કારણ કે બીજાના વ્યક્તિત્વમાં તેઓ પોતાને જોઈ જાણી શકે...)

આ રીતે પણ સર્જક સર્જન કરે છે. આ પ્રકારના સર્જકો પોતાના અનુભવોને સીધા અભિવ્યક્ત કરવાને બદલે તે લાગણી કે અનુભવનું અન્યોમાં આરોપણ કરી એક તટસ્થ નિરીક્ષક બની તેની અભિવ્યક્તિ કરે છે. આને પરલક્ષી સાહિત્યસર્જન કહીએ છીએ.

સાહિત્ય આત્મલક્ષી હોય કે પરલક્ષી – એ કલાની કોટિએ પહોંચે તો જ સર્જકનું સર્જન અસરકારક અને આસ્વાદ્ય બની શકે છે. રામનારાયણ વિશ્વનાથ પાઠકનું કાવ્ય 'છેલ્લું દર્શન' આમ તો પત્નીના અવસાનના કરુણ પ્રસંગને નિરૂપે છે. પોતાની પત્નીના દેહાવસાન પછી તેમની અંતિમ વિદાય વેળાએ સહુ સ્વજનો એકઠાં થયાં છે. અતિ સ્વાભાવિક રીતે જ લાગણીનો ઊભરો વિવિધ રીતે સહુ પ્રકટ કરી રહ્યાં હોય છે ત્યારે આ કાવ્યની પ્રથમ પંક્તિમાં જ કવિ સહુને કહે છે :

**'ધમાલ ન કરો, જરાય નૅણ ભીનાં નવ કરો.'**

પ્રસંગ અત્યંત કરુણ છે. થોડા સમય પછી પત્નીના મૃતદેહને લઈ જવામાં આવશે. તે પહેલાંનું કવિ માટે પત્નીનું આ 'છેલ્લું દર્શન' છે. છતાં પણ કવિ પૂર્ણ સ્વસ્થતાથી અંગત લાગણીને પરલક્ષિતાથી જાણે અભિવ્યક્ત કરે છે. નરસિંહરાવે પણ પોતાના જુવાનજોધ પુત્રના અવસાન નિમિત્તે લખેલું કાવ્ય પણ ખૂબ જાણીતું છે. એમાં દિવંગત પુત્રના આત્માની શાંતિ માટેની પ્રભુપ્રાર્થના છે. કવિ કહે છે :

**'મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો.'**

પુત્ર પિતાથી ભલે સદાયને માટે દૂર થયો, પણ કવિપિતા તો એને પોતાના સાંનિધ્યમાં સદા રાખવાની પ્રભુને વિનમ્ર પ્રાર્થના કરે છે. મૃત્યુ પછીના એ આત્માને આવકારવા કવિ પ્રભુને પોતાનાં દ્વાર ખોલવા કહે છે. આ દ્વાર એ 'મંગલ મંદિર'નાં છે. અહીં પણ કવિ આત્મલક્ષી ઊર્મિની અભિવ્યક્તિને તાટસ્થ્યથી રજૂ કરે છે.

જોકે ફ્લૉબર્ટ કહે છે કે : 'Nothing is more feeble than to put presonal feelings into a work of art.' (કલાકૃતિમાં અંગત ઊર્મિઓને અભિવ્યક્ત કરવાથી વધુ અન્ય કશું વધુ નબળું નથી.) આ અભિપ્રાય પરલક્ષિતાની તરફેણનો છે. પરંતુ પરલક્ષિતાના મહિમા સાથે આત્મલક્ષિતાની ઉપેક્ષા કે ટીકા કોઈ રીતે સાચી ના હોઈ શકે.

પન્નાલાલની નવલકથા 'મળેલા જીવ'માં આત્મલક્ષિતા શોધવી અથવા એનાં

નાયક-નાયિકાનો અનુભવ સર્જકનો આત્મલક્ષી અનુભવ છે કે નહીં તે સાહિત્યના આસ્વાદ માટે મહત્ત્વનો પ્રશ્ન નથી. પરાનુભવ પણ આત્મસાત્ કરીને સર્જક પોતાની રીતે રજૂ કરી શકતો હોય છે. રાજેન્દ્ર શાહના 'શ્રુતિ' કાવ્યસંગ્રહમાંનું ગીત 'કેવડિયાનો કાંટો' એ સ્વાનુભવમૂલક રીતિથી રજૂઆત પામ્યું છે :

**'કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,**
**મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.'**

અહીં કાંટો વાગવાની ક્રિયા તો એક પ્રતીક બનીને આવે છે. કાવ્યનાયક કે નાયિકાની આ ઉક્તિમાં એકાંતમાં થયેલા પ્રિયમિલનની વાત વણાઈ છે. 'મૂઈ રે' જેવો લહેકો અહીં તુચ્છકાર કે તિરસ્કારનો ભાવ નહીં, પણ આનંદની અનુભૂતિનો દ્યોતક બની રહે છે. આમ તો આ આત્મલક્ષી ઊર્મિકાવ્ય છે. પણ એમાં જે પ્રણયાનુભૂતિ છે તે કોઈ પણને હૃદયસોંસરી ઊતરી જાય તેવી છે. તો વળી નિરંજન ભગતની એક કાવ્યકૃતિ છે :

**'કોને કહું ? હું એકલો !**

... ... ... ...

**આભ જેવા આભનો રે ભાર વહું એકલો**

કાવ્યનાયકના એકાકીપણાની આત્મલક્ષી અભિવ્યક્તિ છે. આ એકાકીપણાનો ચિત્તભાર કેટલો પીડાકારક છે તે દર્શાવવા કાવ્યનાયક એક દૃષ્ટાન્ત લાવે છે કે આ એકાકીપણાનો ભાવ આભના જેટલો વિશાળ અને એટલે ખૂબ ભારે છે.

સર્જક આત્મલક્ષી હોય તેનો અર્થ એ ન કરી શકાય કે તેની ઊર્મિ તેના પૂરતી મર્યાદિત છે. બલકે એની અભિવ્યક્તિની સર્જનાત્મકતા અને સામર્થ્ય એવાં હોવાં જોઈએ કે કોઈ પણ વાચકના હૃદયને તે સ્પર્શી જાય !

જોકે ગઈ સદીના મહાન કવિ ટી. એસ. એલિયટ આત્મલક્ષી સિદ્ધાન્તના સમર્થક નથી. એમના એક નિબંધ 'ટ્રેડિશન એન્ડ ઇન્ડિવિડ્યુઅલ ટેલન્ટ' (પરંપરા અને વ્યક્તિગત પ્રતિભા)માં કહે છે :

'It is not his personal emotions, the emotions provoked by particular events in his life, that the poet is in any way remarkable or interesting. His particular emotions may be simple, or crude, or flat. The emotion in his poetry will be a very complex thing, but not with the complexity of the emotions of people who have very complex and unreal emotions in life... The business of the poet is not to find new emotions, but to use the ordinary ones and in working them up into poetry, to express feelings which are not

in actual emotions at all.'

(તેના જીવનમાં ખાસ ઘટનાઓ બનવાથી થઈ હોય તેવી તે વ્યક્તિગત ઊર્મિઓ નથી હોતી કે જેથી તે કવિ કોઈ પણ રીતે નોંધપાત્ર કે રસપ્રદ હોય. એની ખાસ ઊર્મિઓ સાદી કે અપરિષ્કૃત કે સપાટ હોય. તેની કવિતામાં ઊર્મિ ઘણી ગૂંચવણભરી ચીજ છે, પરંતુ એવા લોકોની ગૂંચવણ નહિ કે જેમના જીવનમાં ખૂબ ગૂંચવણભરી અને અવાસ્તવિક ઊર્મિઓ હોય. કવિનું કામ નવી નવી ઊર્મિઓની શોધ કરવાનું નથી, પરંતુ સામાન્ય ઊર્મિથી કામ લેવાનું છે અને જે ખરેખર ઊર્મિઓ નથી તેને કવિતામાં અભિવ્યક્ત કરવા ખપમાં લેવાની છે.)

જગતનાં મહાકાવ્યો અને મહાન કાવ્યો, મહાન સાહિત્યિક કૃતિઓ, પછી તે નવલકથા હોય, ટૂંકી વાર્તા હોય, નાટક હોય કે નિબંધ હોય, આ બધી જ સાહિત્યકૃતિઓમાં આત્મલક્ષી અને પરલક્ષી બંનેનો મહિમા થયો છે અને આ મહિમા તેમાંનાં તથ્યોને કે વિચારોને કારણે જ માત્ર નહિ, પણ તેની કલ્પનાપૂર્ણ અભિવ્યક્તિને કારણે. આમ જોવા જઈએ તો સર્જક કેવી સામગ્રીનો ઉપયોગ કરે છે તે નહિ, પણ તેણે ખપમાં લીધેલી સામગ્રીનો કેવી કલ્પનામય રીતે ઉપયોગ કરે છે તેનો મહિમા છે.

સાહિત્યના કલાક્ષેત્રમાં સર્જકની સર્જકતા ખીલી ઊઠે તો જ સાહિત્યકૃતિ ચિરકાલીન આસ્વાદ્ય બની રહે. આખરે તો સાહિત્ય મનુષ્ય-સર્જિત છે અને તેથી તેમાં માનવજીવનનો મહિમા અદકેરો છે. પણ જ્યારે 'કલા ખાતર કલા'નું વિચારમોજું આવ્યું ત્યારે તે લાંબો કાળ ટકી શક્યું નહિ તેનું કારણ જ એ કે જીવનના કોઈ પણ પાસાનો - સારા કે નરસાનો - સાહિત્યસર્જક તેની શબ્દકલા દ્વારા જ્યારે ઉપયોગ કરતો નથી ત્યારે સાહિત્ય પાછું પડે છે. વાત તો ખરેખર સર્જકના ચિત્તની ઊર્મિશીલતા, મસ્તિષ્કની વિચારશીલતા અને એમનો કલાત્મક શબ્દવ્યાપાર થાય અને તેના આ શબ્દવ્યાપારમાં કલ્પનાનો જાદુ પ્રવેશે ત્યારે સાચી સર્જકતા સિદ્ધ થતી હોય છે. આથી આત્મલક્ષી કે પરલક્ષી કોઈ પણ સાહિત્યમાં તેના લેખકની કલ્પનાશક્તિ જ તેની ઊંચાઈ અને સિદ્ધિ સર કરવામાં મહત્ત્વનું યોગદાન કરી શકે છે.